# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાયપ્રસ પહોંચ્યા.

2. અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 62 DNA મેચ થયા

3. ઉત્તરાખંડમાં હેલિકોપ્ટર દુર્ઘટનાની તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થા કરશે

4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભારત 31 માર્ચ, 2026 સુધીમાં નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.

5. દેશના પશ્ચિમ કિનારા પર ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR. REV. EVE PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના ત્રણ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં સાયપ્રસ પહોંચ્યા છે. સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ દ્વારા લાર્નાકા આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને નેતાઓ લેમેસોસ ખાતે ભારતીય અને સાયપ્રસ ઉદ્યોગસાહસિકો સાથે વ્યાપાર ગોળમેજી બેઠક કરશે.

લેમેસોસમાં, ભારતીય સમુદાય અને સાયપ્રસના લોકો પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને ભારતીય સમુદાયના સભ્યો આ મુલાકાતને બંને દેશો વચ્ચે વધતી મિત્રતામાં એક સીમાચિહ્નરૂપ ક્ષણ તરીકે જુએ છે. આવતીકાલે, પ્રધાનમંત્રી મોદી નિકોસિયામાં રાષ્ટ્રપતિ ક્રિસ્ટોડોલિડ્સ સાથે ઔપચારિક દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

. . . . . . . . . . . . . . .

# DNA SAMPLING

અમદાવાદ સિવિલ હૉસ્પિટલના એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર રજનીશ પટેલે કહ્યું, અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 62 DNA મેચ થયા છે. જ્યારે 44 પરિવારજનોને આ અંગેની જાણ કરવામાં આવી છે. તેમજ 35 જેટલા મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

વિમાન દુર્ઘટનાના મૃતકોના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવાનું કામ આજથી શરૂ થયું છે. અત્યાર સુધી 22 મૃત્યુ પ્રમાણપત્ર બનાવી 22 પરિવારને તેમના મૃતદેહ સોંપાયા છે. મૃતકોના પરિવારજનોને મુશ્કેલી ન પડે તે માટે ઈન્શ્યોરન્સ સંબંધિત કામ માટે 22 ટીમ બનાવવામાં આવી છે.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં સંયુક્ત પત્રકાર પરિષદ કરીને ડૉક્ટર રજનીશ પટેલ, શ્રી પાંડે સહિતના અધિકારીઓએ માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . . .

# REV. EVE. AMIT SHAH - APPOINTMENT LETTERS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભારત 31 માર્ચ, 2026 સુધીમાં નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે. લખનૌમાં નવા ભરતી થયેલા 60 હજાર 244 કોન્સ્ટેબલના ઉત્તરપ્રદેશ પોલીસ નિમણૂક પત્ર વિતરણ સમારોહને સંબોધતા, શ્રી શાહે કહ્યું કે નક્સલવાદ, જે એક સમયે 11 રાજ્યોમાં ફેલાયેલો હતો, તે હવે ફક્ત ત્રણ જિલ્લાઓ સુધી સીમિત છે.

(બાઇટ: AMIT-SHAH—NAXAL)

તેમણે જણાવ્યું હતું કે દેશના પોલીસ દળનું આધુનિકીકરણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયું હતું; ઉત્તરપ્રદેશમાં તેની શરૂઆત 2017માં થઈ હતી. શ્રી શાહે કહ્યું કે પહેલા પોલીસ દળમાં ભરતી જાતિના આધારે થતી હતી. પરંતુ આજે, ટેકનોલોજી દ્વારા તમામ ઉમેદવારોની સંપૂર્ણ પારદર્શિતા સાથે નિમણૂક કરવામાં આવી છે. તેમણે કહ્યું 11 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વંચિતો, આદિવાસીઓના જીવનને ઉજ્જવળ બનાવ્યું છે.

(બાઇટ: AMIT-SHAH--11-YEARS)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# EVE HELICOPTER CRASH - AAIB

આજે સવારે ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિર પાસે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થવાની ઘટનાની તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થા-AAIB કરશે, આ ઘટનામાં સાત લોકોના મોત થયા હતા. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. હેલિકોપ્ટર કેદારનાથથી ગુપ્તકાશી જઈ રહ્યું હતું, જેમાં છ મુસાફરો અને એક ચાલક દળનો સભ્ય સવાર હતા. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે જણાવ્યું હતું કે, હેલિકોપ્ટર આજે સવારે 5:19 વાગ્યે શ્રી કેદારનાથજીથી ગુપ્તકાશી માટે ઉડાન ભરી હતી અને ગૌરીકુંડ નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. સાવચેતીના પગલા તરીકે, DGCA એ ચાર ધામ સુધી હેલિકોપ્ટર ઓપરેશનની  આવર્તન પહેલાથી જ ઘટાડી દીધી છે. તે વધુ દેખરેખ રાખી રહ્યું છે અને આગળની કોઈપણ કાર્યવાહી માટે ઓપરેશનની સમીક્ષા કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

# EVE. JITENDRA SCIENCE

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે નવીનીકરણ અને સંશોધનની સરળતાને વધારવા માટે નીતિગત સુધારાઓની જાહેરાત કરી છે, જે દેશભરના સંશોધકો, સંશોધકો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને સંસ્થાઓને રાહત થશે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે આવા નિર્ણયો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વ્યક્તિગત આગ્રહ અને સમર્થન વિના શક્ય ન નથી. આ જાહેરાત મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કાર્યાલય દ્વારા વ્યાપક પરામર્શ બાદ કરવામાં આવી છે, જેમાં દેશની 13 IIT અને બહુવિધ સંશોધન સંસ્થાઓ પાસેથી સૂચનાઓ સમજ મેળવી છે. ડૉ. સિંહે માહિતી આપી હતી કે સીધી ખરીદી માટેની ટોચમર્યાદા એક લાખથી બમણી કરીને બે લાખ રૂપિયા કરવામાં આવી છે, તેવી જ રીતે, મર્યાદિત ટેન્ડર પૂછપરછ અને જાહેરાત કરાયેલા ટેન્ડર માટેની મર્યાદા પચાસ લાખ રૂપિયાથી વધારીને એક કરોડ રૂપિયા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશના પશ્ચિમ કિનારા પર ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામાનીએ જણાવ્યું છે કે આગામી 2 દિવસમાં દિલ્હી, હરિયાણા, પંજાબ અને ગુજરાતમાં વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. તેમણે ઉમેર્યું કે દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં આજે મહત્તમ તાપમાનમાં ભારે ઘટાડો થયો છે. ડૉ. જેનામાનીએ ઉમેર્યું કે ભારતના કોઈપણ ભાગમાં ચોમાસામાં કોઈ પ્રગતિ થઈ નથી, પરંતુ કોંકણ, ગોવા અને દરિયાકાંઠાના કર્ણાટકમાં હજુ પણ ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ છે. તેમણે કહ્યું કે મોટાભાગના સ્ટેશનોમાં આજે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે અથવા સામાન્ય હતું.

. . . . . . . . . . . . . . .

# IMD RED ALERT

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી 24 કલાક માટે મહારાષ્ટ્રના રત્નાગિરી અને રાયગઢ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. પાલઘર, થાણે, પુણે ઘાટ, સતારા ઘાટ, કોલ્હાપુર ઘાટ અને સિંધુદુર્ગ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વહીવટીતંત્રે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ (SDRF) ટીમોને કોઈપણ કટોકટીની પરિસ્થિતિ માટે સતર્ક રહેવા સૂચના આપી છે.

. . . . . . . . . . . . . . .

# IRAN FOREIGN MINISTER

ઈરાને આજે જાહેરાત કરી છે કે જો ઈઝરાયલ, ઈસ્લામિક રિપબ્લિક સામે લશ્કરી અભિયાન બંધ કરશે તો ઈઝરાયલ પરના તેના હુમલા બંધ થઈ જશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાકચીએ જણાવ્યું હતું કે, તેહરાન પડોશી દેશોમાં સંઘર્ષ વધારવા માંગતો નથી સિવાય કે તેને દબાણ કરવામાં આવે.

દરમિયાન, ઈઝરાયલ તેના લશ્કરી કાર્યવાહીનો હેતુ ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવવા અને તેની મિસાઈલ ક્ષમતાઓને નાશ કરવાથી અટકાવવાનો રાખે છે.

. . . . . . . . . . . . . . .

# INDIA-ADVISORY

ઈરાનમાં ભારતીય દૂતાવાસે આજે એક માર્ગદર્શિકા જાહેર કરીને જણાવ્યું છે કે ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના લોકોએ દૂતાવાસના સંપર્કમાં રહેવું અને બિનજરૂરી હિલચાલ ટાળવી જરૂરી છે. ઈરાનમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ સલાહકાર જારી કરવામાં આવ્યો છે. તમામ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના લોકોને અપડેટ્સ માટે દૂતાવાસના સોશિયલ મીડિયા પેજને ફોલો કરવાનું કહેવામાં આવ્યું છે.

ઇમરજન્સી સંપર્ક નંબરો +98 9128109115 અને +98 9128109109 છે.

દૂતાવાસે ઈરાનમાં રહેતા દરેકને દૂતાવાસ તરફથી પરિસ્થિતિ અંગે અપડેટ્સ મેળવવા માટે ટેલિગ્રામ લિંક પર જોડાવા વિનંતી પણ કરી છે.

. . . . . . . . . . . . . . .

# MAHARASHTRA BRIDGE

મહારાષ્ટ્રમાં, આજે પુણે નજીક માવલ તાલુકામાં ઇન્દ્રાયણી નદી પરનો એક જૂનો પુલ તૂટી પડ્યો. લગભગ 25 થી 30 પ્રવાસીઓ નદીમાં ડૂબ્યાં હોવાની આશંકા છે. આ ઘટના તલેગાંવ દાભાડે શહેર નજીક આવેલા જાણીતા પર્યટન સ્થળ કુંડમાલા ખાતે બની હતી. રવિવાર હોવાથી, આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓની ભીડ હતી. જ્યારે તેમાંથી કેટલાક પુલ પર ઉભા હતા, ત્યારે તે અચાનક તૂટી પડ્યો, જેના કારણે ઘણા લોકો સીધા નદીમાં પડી ગયા. માવલ પ્રદેશમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક વહીવટીતંત્ર, અગ્નિશમન દળ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF ઘટનાસ્થળે દોડી ગયા છે અને પરિસ્થિતિને કાબુમાં લાવવા માટે હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .